ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરના મમતા દત્તાણીને રાષ્ટ્રીય કક્ષાએ યંગર જુનિયર સાયન્ટીસ્ટનો એવોર્ડ

**પાંચ સ્લાઈડ, પાંચ મિનિટ અને દસ વર્ષની કામગીરીનું સરવૈયુ તારણ સાથે રજુ કરી અનોખુ સન્માન મેળવતા મમતા દત્તાણી**




ગાંધીનગર, તા. ૧૪

પાંચ સ્લાઈડનું પ્રેઝન્ટેશન અને તેની સમજુતી પાંચ મિનિટમાં રજુ કરી દસ વર્ષની કામગીરીનું અદ્‌ભુત નિદર્શન ડિઝીટલ ઈન્ડિયાના ભાગરૂપે સંશોધન પેપર નહિ પણ ડિઝીટલ પોષ્ટર બનાવી ગાંધીનગરના એક મહિલા અધિકારીએ ભારત ભરમાં યંગર જુનિયર સાયન્ટીસ્ટનો એવોર્ડ જીત્યો એટલુ જ નહિ પણ આ માટેની ફેલોશીપ મેળવી ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

આ મહિલા અધિકારીએ અગાઉ યુનાઈટેડ નેશનની પબ્લીક હેલ્થ કોમ્પીટીશનના બીજા રાઉન્ડ સુધી આંતર રાષ્ટ્રીય સ્પર્ધામાં પણ ગાંધીનગરની વાત રજુ કરી ગૌરવ વધાર્યુ હતુ ત્યારે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે તેમને નારીશક્તિ એવોર્ડથી સન્માનિત કર્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં મેલેરિયા નાબુદીના ૨૦૦૫થી ૨૦૧૫ સુધીમાં લેવાયેલા પગલાં અને તેની સફળતાનો ઈતિહાસ માત્ર પાંચ જ સ્લાઈડમાં જિલ્લા મેલેરિયા અધિકારી સુશ્રી મમતા દત્તાણીએ બેગ્લોરૂમાં ૧૦થી ૧૨ જુન દરમ્યાન યોજાયેલ ૧૧મી ઈન્ડિયન સોસાયટી ફોર મેલેરિયા એન્ડ અધર કોમ્યુનિકેબલ ડિસીઝની આંતરરાષ્ટ્રીય સ્તરની બેઠકમાં રજુ કરી યંગર જુનિયર સાયન્ટીસ્ટનો એવોર્ડ અને ફેલોશીપ મેળવી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

તેમણે તેમની આ સ્લાઈડોમાં સરકારની સૂચના ઉપરાંત મેલેરિયા નાબુદીની દિશામાં લીધેલા મહત્વના પગલાંઓ જેવા કે ડ્રાય ડે ની સફળતાપૂર્વક ઉજવણી, એબેટ ડે સપ્તાહમાં એકવાર દવાવાળી કરેલી મચ્છરદાનીનું જનભાગીદારીથી બી.પી.એલ. પરિવારોમાં વિતરણ, બાળકોમાં પોરાશોધક સ્પર્ધા યોજી જનજાગરણ અભિયાન સહિતની અનેકવિધ વાતોને વણી લીધી હતી.

મમતાબેન દત્તાણી આમ તો અત્યાર સુધીમાં તેમના રજુ થયેલા ૪ સંશોધનપત્રો અને ચાર પોષ્ટરો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રસિદ્ધ થઈ ચુક્યા છે.

સુશ્રી મમતા દત્તાણી પર જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓએ અભિનંદનની વર્ષા વરસાવી છે. તેમના નેતૃત્વમાં રાજ્યમાં પ્રથમ સ્પ્રેમુક્ત જિલ્લો બનાવવાનું ગૌરવ પણ પ્રાપ્ત થયેલ છે. તેમણે અત્યાર સુધી મેલેરિયાને લઈ ઘણુ બધુ સંશોધનાત્મક કામગીરી કરી છે.

# ચ-૩ પાસે હીટ એન્ડ રન : યુવાનનું મોત

**અજાણ્યા વાહનથી બાઈકને ટક્કર મારી ડ્રાઈવર ફરાર થઈ ગયો : બાઈક ચાલક યુવાનનું સારવાર દરમ્યાન મૃત્યુ : પોલીસે આરોપી સુધી પહોંચવા સીસીટીવી ફુટેજ તપાસવાનું શરૂ કર્યુ**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના ચ-માર્ગ પરથી બેફામ ગતિએ જઈ રહેલા સફેદ રંગના અજાણ્યા વાહને ગઈ સવારે એક બાઈકને જબરદસ્ત ટક્કર મારી હતી. અકસ્માત બાદ ઘાયલ બાઈકચાલક યુવાનને રઝળતો મુકીને વાહન સાથે ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવાનને સારવાર અથે હોસ્પિટલાઈઝ્‌ડ કરવામાં આવ્યો હતો. તેનું આજે સારવાર દરમ્યાન કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. સે. ૭ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે આરોપી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

અમદાવાદ મણીનગર વિસ્તારના રહેવાસી નિમેશભાઈ મહેન્દ્રભાઈ પંડ્યાએ સેક્ટર-૭ પોલીસમથકમાં અજાણ્યા સફેદ વાહનના ચાલક સામે ફરીયાદ નોંધાવી છે. ફરીયાદ મુજબ તેમનો માસીનો દિકરો ઉમેશ ગઈકાલે સવારે શહેરના ચ-૩ સર્કલ પાસેથી બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે બેફામ ગતિએ નિકળેલા અજાણ્યા સફેદ વાહને બાઈકને ટક્કર મારી હતી. વાહનની ટક્કરથી બાઈક સાથે ઉમેશ ફંગોળાઈને રસ્તા વચ્ચે પટકાયો હતો અને ગંભીર હાલતમાં તેને હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો. તો બીજી તરફ માનવતા નેવે મુકીને અકસ્માત કરનાર વાહનચાલક વાહન લઈને ફરાર થઈ ગયો અને પાછુ વળીને યુવાનને કેટલુ વાગ્યુ હશે? તે જોવાની પણ તસ્દી ન લીધી. ઉમેશનું આજે સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. સે. ૭ પોલીસે નિલેશ પંડ્યાની ફરીયાદ મુજબ ગુનો નોંધી સીસીટીવી ફુટેજ તપાસવાની કામગીરી શરૂ કરી આરોપી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

## સુરતના સાડીના વેપારીનું પ્રાંતિયા પાસે માર્ગ અકસ્માતમાં મૃત્યુ

સુરત ખાતે રહેતા મુળ રાજસ્થાની વેપારી ભરતભાઈ ઉર્ફે પારસમલ ખીમારામ બોડાણા સ્વીફ્ટ ગાડી નં. જીજે-૫-જેએલ-૧૦૬૩ લઈને અન્ય બે મિત્રો સાથે રાજસ્થાનથી સુરત જઈ રહ્યા હતા. રાત્રે બે વાગ્યાના અરસામાં ચિલોડા-નરોડા માર્ગ પરથી સ્વીફ્ટ ગાડી લઈને જઈ રહ્યા હતા તે દરમ્યાન બેફામ ગતિએ આવતી આઈશર ટ્રકે સ્વીફ્ટને ટક્કર મારતા સ્વીફ્ટનો ખુદડો બોલી ગયો હતો અને તેમાં સવાર સોહનલાલ રૂપારામ બોડાણાનું ગંભીર ઈજાઓને કારણએ ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતુ. જ્યારે સુરતમાં સાડીના વેપારી ભરતભાઈ અને સોનારામ બંને ઘાયલ થતા હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ભરતભાઈની ફરીયાદને આધારે ડભોડા પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધી પીએસઆઈ ચૌધરીએ વધુ તપાસ આરંભી છે.

# આજથી શહેરમાં રોપાઓનુ વાવેતર

**વરસાદી દિવસો પુર્વે જ એડવાન્સ વાવેતર કરાશે : ટેન્કર દ્વારા પાણી પુરુ પાડવામાં આવશે : ચ માર્ગ તેમજ સે-૨૭ માં કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી કરાશે**

ગાંધીનગર તા ૧૪

વરસાદી દિવસો નજીકમાં છે. ત્યારે વન તંત્ર દ્વારા આજથી શહેરમાં રોપાઓની વાવણી શરૂ કરવામાં આવશે. શહેરના ચ માર્ગ તેમજ સે-૨૭માં આજે વન તંત્ર દ્વારા ટેન્કરની મદદથી પાણી મેળવી કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી હાથ ધરાશે. ચોમાસા દરમિયાન શહેરમાં ૨૨ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવશે. આ માટે વન તંત્ર દ્વારા ઠેર ઠેર ખાડા પણ ખોદી નાંખવામાં આવ્યા છે.



ગ્રીન સીટીની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં વિકાસના નામે અનેક વૃક્ષોની કટોતી થતા ગ્રીન સીટી બેરન સીટી બનવા તરફ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. સેકટરોમાં મહત્તમ વૃક્ષો ઉછેરવામાં આવે તે માટે વન તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહયા છે. જેના ભાગરૂપે વન તંત્ર દ્વારા દરવર્ષે રથયાત્રા દરમિયાન પણ રોપાઓનુ વિનામુલ્યે વિતરણ કરવામાં આવે છે. જયારે ચોમાસા દરમિયાન રોપાઓની વાવણી માટે વિશેષ લક્ષ્યાંક પણ રાખવામાં આવે છે. આ વર્ષે પણ ચોમાસા દરમિયાન વન તંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગો આસપાસની

● અનુસંધાન પાન-૭ પર



દવા છંટકાવ - શહેરના સેવાવસ્તીના વિસ્તારમાં તથા સરકારી રહેણાંક વિસ્તારમાં મેલેરિયા સામે આગોતરું આયોજન કરાયું છે... છેલ્લા ત્રણ દિવસથી મેલેરિયા વિભાગના કર્મચારીઓ સમગ્ર વિસ્તારમાં ફરી-ફરીને દવાનો છંટકાવ કરી રહ્યા છે... મેલેરિયાના મચ્છરોના ઉત્પતિ કેન્દ્રોને લક્ષ્ય બનાવી વરસાદ પૂર્વે વ્યાપક પ્રમાણમાં દવાનો છંટકાવ કરાઈ રહ્યો છે...

# શહેરમાં વરસાદી વાયરા વચ્ચે આકાશમાં વાદળોની લુપાછુપી

**ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ : નગરજનોને ક્યારેક ગરમી અકળાવે તો ક્યારેક વરસાદી વાયરો મેઘરાજાની આશ જન્માવે**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં વાદળિયા વાતાવરણ તેમજ વરસાદી વાયરાના અહેસાસ વચાળે ગરમીનો પારો એક ડી ગ્રી ગગડયો છે. આજે મહત્તમ તાપમાન એક ડીગ્રી ઘટયુ હતુ. ગરમીનો પારો ઘણાં સમય બાદ ૪૦ ડી ગ્રીએ પહોંચ્યો હતો. દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળે છે. કયારેક સુસવાટા મારતા પવનના લીધે ચોમાસુ આસપાસ હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. જયારે વાતાવરણ પલ્ટા વચ્ચે વાદળો હટવાની સાથે પવન પડી જતા નગરજનોએ આકરો બફરો પણ વેઠવાનો વારો આવે છે.

વળતા ઉનાળે વરસાદી દિવસો દસ્તક દઈ રહયા છે ત્યારે આ વખતે સિઝનની રેકર્ડ બ્રેક ગરમીનો પ્રકોપ હજુ પણ શમ્યો નથી વાદળિયા વાતાવરણની સાથે વધતા ભેજના પ્રમાણ વચ્ચે પણ ગરમીનો પારો ૪૦ ડી ગ્રીએ સ્થિર થયો છે. ગરમીનુ પ્રમાણ ઘટયુ છે. આમછતા વાતાવરણમાં અસહ્ય ઉકળાટના લીધે ત્રસ્ત નગરજનો વરસાદની વાટે છે. દિવસ દરમિયાન આકાશમાં ગમે ત્યારે વાદળો ઘેરાઈ આવે છે. જયારે વરસાદી વાયરો પણ ફુંકાય છે. જેના લીધે નગરજનોમાં વરસાદની આશ બંધાય છે. પરંતુ પલવારમાં જ મોસમના મિજાજ બદલાતા આકાશમાં લુપાછુપી રમતા વરસાદી વાદળો અદ્રશ્ય થઈ જતા આકરી ગરમી વેઠવાનો વારો આવે છે. બીજીતરફ રાત્રિના સમયે અચાનક જ પવન ફુંકાવાનુ શરૂ થઈ જાય છે. જો કે ગમે ત્યારે પવન પડી જતા નગરજનો ફરિ ગરમીની ગિરફતમાં આવી જતા અકળામણ અનુભવે છે. આજે દિવસ દરમિયાન શહેરીજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. મહત્તમ તાપમાન એક ડીગ્રીના ઘટાડા સાથે ૪૦ રહયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૩૦ ડી ગ્રી રહેતા રાત્રિના સમયે પણ ગરમીનુ જોર વર્તાયુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૧૦ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો.

## સે-૨૦માં છેલ્લા પાંચ દિવસથી પાણીનો પોકાર

**ખાનગી ટેન્કરો ઠલવાય છેઃ રહીશોમાં આક્રોશ : બોરમાં ક્ષતિ આવતા પાણીની સમસ્યા સર્જાઇ આકરી ગરમીમાં પાણીની પોકાર ઉઠતા રહીશોને હાલાકી**

ગાંધીનગર તા ૧૪

શહેરના વી વી આઈ પી વિસ્તાર સે-૨૦ માં છેલ્લા પાંચ દિવસથી પાણીની પોકાર ઉઠવા પામી છે. સેકટરમાં રોજબરોજ પાણી ન આવતા સ્થાનિક રહીશો ટેન્કર મારફતે પાણી મંગાવે છે. આજે પણ પાણીની સમસ્યા યથાવત રહી હતી. પાણીના બોરમાં ક્ષતિ હોવાના લીધે નાગરિકોએ પાણી માટે વલખા મારવાનો વારો આવ્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

શહેરમાં ઉનાળા દરમિયાન નવા સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી હતી શહેરના નવા સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતા નાગરિકોમાં આક્રોશ પ્રવર્તયો હતો. જયારે છેલ્લા પાંચ દિવસથી વી આઈ પી ગણાતા સે ૨૦ માં પાણી ન આવતા રહીશો તોબા પોકારી ગયા છે. આકરી ગરમીમાં પાણીની સમસ્યા ઉભી થતા રહીશોએ ટેન્કર મંગાવી પાણીની જરૂરિયાત સંતોષવી પડે છે. આજે પણ સેકટરમાં પાણી ન આવતા રહીશોએ પૈસા ખર્ચી ખાનગી ટેન્કર મંગાવીને પાણી મેળવવુ પડયુ હતુ. ગરમીના દિવસોમાં પાંચ દિવસથી પાણીની પોકાર ઉઠતા સ્થાનિક રહીશોએ પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર સેકટરના પાણીના બોરમાં ક્ષતિ સર્જાઇ હોવાથી પાણીની સમસ્યા ઉભી થઇ હતી. જો કે બોરનુ સમારકામ પુર્ણ થઇ જતા પાણીનો પ્રશ્ન હલ થઇ ગયો હોવાનુ પણ જણાંવાયુ છે. પરંતુ સેકટરવાસીઓના મતે હજુ પણ પાણી આવતુ નથી.

# જિલ્લામાં ૯૮ પ્રા. શાળામાં આજે પણ ૧થી ૩ કિ.મી.નું અંતર કાપી ભણવા આવે છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આજે પણ ૯૮ શાળાઓ એવી છે જ્યાં બાળકોને પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે ૧ થી ૩ કિ.મી.નું અંતર કાપીને જવુ પડે છે. આવા બાળકોની સંખ્યા ૨૭૯૨ છે અને તેમના માટે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વાહનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ ૨૭૯૨ વિદ્યાર્થીઓમાં ધો. ૧ થી ૫ના ૨૦૫૫ બાળકો છે તો ૭૩૭ બાળકો ધો. ૬ થી ૮ના છે.

પ્રાથમિક શાળામાં બાળકને શાળાએ જવા માટે ૧ કિ.મી.થી વધારે અંતર કાપવુ પડતુ હોય તો કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષથી ટ્રાન્સપોર્ટ સુવિધા આપવામાં આવી રહી છે. જ્યારે ધો. ૬ થી ૮ માટે બાળકને ૩ કિ.મી. કરતાં વધુ અંતર કાપવાનું થતુ હોય તો આ સુવિધા હેઠળ સાંકળી લેવામાં આવે છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામમાં ૧૫ પ્રા. શાળામાં ૩૯૮ બાળકોને આ સુવિધા અપાઈ છે. તો ગાંધીનગર તાલુકામાં ૩૯ પ્રા. શાળાના ૧૦૬૮ બાળકોને, કલોલની ૧૭ પ્રા. શાળાના ૫૦૯ બાળકોને અને માણસાની ૨૭ પ્રા. શાળાના ૮૧૭ બાળકોને આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં જિલ્લાની ૯૯ શાળાના ૨૪૨૩ બાળકોને આ સુવિધાથી સાંકળી લેવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે ૯૮ શાળાના ૨૭૯૨ બાળકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં શાળાની સંખ્યામાં ચાલુ વર્ષે ૧નો ઘટાડો નોંધાયો છે ત્યારે સુવિધા પ્રાપ્ત બાળકોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. બાળકોના કરાયેલા મેપીંગને આધારે આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

ગાંધીનગર જ નહિ પણ ગુજરાતભરમાં આ યોજનાએ અનેક બાળકોને ભણવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૦૫૭૧

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com